DAY — **07** SEAT NUMBER | | | | | | |

2025	II	18	1100	J-293	(G)

SECRETARIAL PRACTICE (52)

Time : 3 Hrs. **(4 Pages)** **Max. Marks : 80**

સૂચનાઓ: *(૧) બધાજ પ્રશ્નો ફરજિયાત છે.*
(૨) જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.
(૩) ડાબી બાજુ દર્શાવેલ અંક પ્રશ્ન ક્રમાંક છે.
(૪) દરેક પ્રશ્નોનાં ઉત્તર નવા પાના પર શરૂ કરવાના રહેશે.

પ્ર.૧. (અ) નીચે આપેલા વિકલ્પોમાંથી સાચા જવાબ પસંદ કરો અને વાક્યો ફરીથી લખો : (૫) **[૨૦]**

(૧) બૉન્ડ ધારક કંપનીનો ..... છે.
(અ) સેક્રેટરી (બ) માલિક
(ક) લેણદાર

(૨) કંપનીએ થાપણદારોનાં હિતની સુરક્ષા માટે ..... નિયુક્ત કરવાના રહેશે.
(અ) ડિબેન્ચર ટ્રસ્ટી (બ) ડિપોઝિટ ટ્રસ્ટી
(ક) ક્રેડિટ રેટીંગ એજન્સી

(૩) ડિબેન્ચર પર ચૂકવવા પાત્ર વ્યાજનો દર ..... છે.
(અ) નિશ્ચિત (બ) ફ્લોટિંગ (બદલાતું રહેતું)
(ક) અનિશ્ચિત

(૪) ડિમેટ શેર એ ..... છે.
(અ) નૉન-ટ્રાન્સફરેબલ (ટ્રાન્સફર થઈ શકતા નથી)
(બ) ફંગીબલ
(ક) બેરર (વાહક)

(૫) કેન્દ્ર સરકાર ..... ના વેંચાણ દ્વારા નાણાં બજારમાં લોન લેનાર છે.
(અ) કમર્શિયલ પેપર્સ (બ) ટ્રેડ બીલ
(ક) ટ્રેઝરી બીલ

(બ) રેખાકિંત શબ્દને ઠીક કરો અને નીચેના વાક્યો ફરીથી લખો : (૫)

(૧) યુ.એસ.એ.માં વેપાર થતી ડિપોઝિટરી રસીદને વૈશ્વિક ડિપોઝિટરી રસીદ કહેવામાં આવે છે.

(૨) FPO પ્રથમ વખત જાહેર જનતાને શેરની ઑફરનો સંદર્ભ આપે છે.

(૩) બોનસ શેર પસંદગીના શેરધારકોને મફત ભેંટ તરીકે જારી કરવામાં આવે છે.

(૪) ડિવિડન્ડ એ કંપની દ્વારા દર વર્ષે ચૂકવવાની ફરજ છે.

(૫) શેરબજાર એ નાણાં બજારનું મહત્ત્વનું ઘટક છે.

(ક) જોડકાં જોડો : (૫)

ગ્રુપ 'અ'	ગ્રુપ 'બ'
(અ) નાણાંકીય બજાર	(૧) સુરક્ષિત ડિબેન્ચર્સ
(બ) ઇક્વિટી શેર મૂડી	(૨) ૧૯૯૬
(ક) સંપત્તિ પર ચાર્જ	(૩) વિવિધ નાણાંકીય સ્ત્રોતોનું મિશ્રણ
(ડ) ડિપોઝિટરી એક્ટ	(૪) નાણાંકીય સિક્યોરિટીઝનો વેપાર
(ઇ) મૂડી માળખું	(૫) જોખમી મૂડી
	(૬) અસુરક્ષિત ડિબેન્ચર્સ
	(૭) કોમોડિટીઝનો વેપાર
	(૮) સલામત મૂડી
	(૯) ઉત્પાદન મિશ્રણ
	(૧૦) ૧૯૫૬

(ડ) નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો : (૫)

(૧) એકવાર ડિવિડન્ડ જાહેર કરવામાં આવે તો તેને રદ્દ કરી શકાતું નથી.

(૨) અધિકૃત મૂડીનો ઉલ્લેખ મેમોરેન્ડમ ઑફ એસોસિએશનની મૂડીની કલમમાં કરવામાં આવ્યો છે.

(૩) સ્થિર મૂડીને 'ફરતી મૂડી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(૪) થાપણદારોને મતદાનનો અધિકાર આપવામાં આવે છે.

(૫) બોમ્બે સ્ટૉક એક્સચેન્જ એ ભારતનું સૌથી જૂનું સ્ટૉક એક્સચેન્જ છે.

પ્ર.૨. નીચે આપેલ સંજ્ઞા / સંકલ્પના સમજાવો (કોઈપણ <u>ચાર</u>) : **[૮]**

(૧) સ્થિર મૂડી

(૨) ઓવર ડ્રાફ્ટ

(૩) ડિબેન્ચર પ્રમાણપત્ર

(૪) સુરક્ષિત થાપણ

(૫) રિમટીરિયલાઈઝેશન

(૬) બળદ (Bull) તેજીવાળા

પ્ર.૩. નીચેના કેસ / સ્થિતિઓનો અભ્યાસ કરો અને તમારો અભિપ્રાય વ્યક્ત કરો. (કોઈપણ <u>બે</u>) : **[૬]**

(૧) સ્ટાર કંપની લિ. તાજેતરમાં FPO દ્વારા તેની જાહેર ઑફર સાથે બહાર આવ્યા છે. તેમનો મુદ્દો ઓવર સબસ્ક્રાઇબ (વધારે ભાગો માટે માંગણી) થઈ ગયો હતો. બોર્ડ ઑફ ડિરેક્ટર્સ હવે ફાળવણીની પ્રક્રિયા શરૂ કરવા માંગે છે. કૃપા કરીને સલાહ આપો -

(અ) શું કંપનીએ ફાળવણી સમિતિની રચના કરવી જોઈએ ?

(બ) જે અરજદારોને કંપની શેર ફાળવી રહી છે તેઓને કંપનીએ કેવી રીતે જાણ કરવી જોઈએ ?

(ક) કંપનીએ કયા સમયગાળામાં શેર પ્રમાણપત્ર જારી કરવું જોઈએ ?

(૨) શ્રી 'ઝેડ' ફિઝિકલ મોડમાં પેક્યુલિઅર કંપની લિમિટેડનાં ૫૦ શેર ધરાવે છે અને તેને ઈલેક્ટ્રૉનિક મોડમાં કન્વર્ટ કરવા ઇચ્છે છે :

(અ) શ્રી ઝેડ પાસે CFDH બેંક લિમિટેડમાં બચત બેંક ખાતુ છે. શું તેઓ તેમના શેર ડિમેટ માટે આ ખાતામાં જમા કરી શકે છે ?

(બ) તેના માટે કયા પ્રકારના ખાતાની જરૂર છે ?

(ક) શું તે RBI છે જે ડિમેટિંગ પછી શ્રી ઝેડનાં શેરની કસ્ટોડિયન હશે ?

(૩) XYZ કંપની લિ. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ડિવિડન્ડ જાહેર કરવાનો નિર્ણય કરે છે. જેમાં તેણે તેમની અપેક્ષા કરતાં ઓછો નફો મેળવ્યો છે.

(અ) શું બોર્ડ ફ્રી રિઝર્વના શેર દીઠ ₹૫ ના ડિવિડન્ડની ભલામણ કરવામાં યોગ્ય છે ?

(બ) શું બોર્ડ વાર્ષિક સામાન્ય સભા દ્વારા મંજૂર ન હોવા છતાં ડિવિડન્ડ જાહેર કરી શકે છે ?

(ક) શું બોર્ડ ભેંટ સ્વરૂપે ડિવિડન્ડ આપી શકે ?

પ્ર.૪. નીચેના વચ્ચે તફાવત કરો (કોઈપણ ત્રણ) : **[૧૨]**

(૧) શેર અને ડિબેન્ચર

(૨) ટ્રાન્સફર શેર અને ટ્રાન્સમિશન શેર

(૩) અંતિમ ડિવિડન્ડ અને વચગાળાનું ડિવિડન્ડ

(૪) પ્રાથમિક બજાર અને ગૌણ બજાર

પ્ર.૫. ટૂંકમાં જવાબ આપો (કોઈપણ બે) : **[૮]**

(૧) બોનસ શેર સંબંધિત જોગવાઈ જણાવો.

(૨) વ્યાજનાં લક્ષણો સમજાવો.

(૩) સ્ટૉક એક્સચેન્જની કોઈપણ ચાર વિશેષતાઓ સમજાવો.

પ્ર.૬. નીચેના વિધાનોને યોગ્ય ઠેરવો (કોઈપણ બે) : **[૮]**

(૧) પેઢી પાસે ધિરાણના સ્ત્રોતોની બહુવિધ પસંદગીઓ છે.

(૨) કંપની માત્ર અમુક પ્રકારના ડિબેન્ચર જારી કરી શકે છે.

(૩) કંપનીએ પરિપત્ર અથવા જાહેરાત જારી કરવા સંબંધિત કેટલીક જોગવાઈઓ પૂરી કરવાની હોય છે.

(૪) ISIN એ ડિમેટનો આવશ્યક ઘટક છે.

પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બેના જવાબ આપો : **[૧૦]**

(૧) થાપણદારને તેની થાપણના નવીનીકરણ અંગે પત્ર લખો.

(૨) ડિબેન્ચર ધારકને ડિબેન્ચર્સને ઇક્વિટી શેરમાં રૂપાંતરિત કરવા વિશે જાણ કરાવતો એક પત્ર લખો.

(૩) ડિવિડન્ડ વોરંટ દ્વારા ડિવિડન્ડની ચુકવણી માટે સભ્યને પત્ર લખો.

પ્ર.૮. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો (કોઈપણ એક) : **[૮]**

(૧) પ્રેફરન્સ શેર શું છે ? પ્રેફરન્સ શેરનાં વિવિધ પ્રકારો સમજાવો.

(૨) શેરની ફાળવણી માટેની પ્રક્રિયા સમજાવો.

◆◆◆